દર ગુરુવારે પ્રસિદ્ધ થતું સામયિક
FREE DISTRIBUTION

www.gyanvrudhi.info

DATE : 21-MAY-2020
THURSDAY
TOTAL PAGES : 4
RNI No : GUJGUJ/2016/71456

# જ્ઞાનવૃદ્ધિ

**ન જાણતા હોવ તો જાણો, જાણતા હોવ તો જ્ઞાનમાં વૃદ્ધિ કરો**

GYAN VRUDHI : WEEKLY, EDITOR & PUBLISHER : HEMANT YOGESHBHAI JOSHI, YEAR : 4, VOLUME : 1, ISSUE : 124.

## ગુરૂ સંદેશ

### ગુણ લેવામાં જીવ બ્રહ્મરૂપ થઈ જાય

બહારની વાત સાંભળો એ કુથલી
કોઈની અવગુણની વાત કરો એ નિંદા
કોઈની કુથલી કે નિંદા કરવી નહિ
તેમ સાંભળવી નહિ.
સૌના ગુણ લેવામાં જીવ બ્રહ્મરૂપ થઈ જાય.
આપણા અવગુણ નીકળતા જાય.
બીજાનું જોવાનો અધિકાર જ નથી. અધિકાર વગર કરવા જાય તો નોકરીમાંથી પણ કાઢી મૂકે.
જેને ભગવાન ને સંતને રાજી કરવા છે તેને બીજા તરફ દૃષ્ટિ થતી જ નથી.

*- પ.પૂ.બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ.*

આ માહિતીસભર સામયિક વિનામુલ્યે આપને મળ્યું હોવાથી તેને ધ્યાનથી વાંચશો. આ માહિતીસભર સામયિકમાંથી જો તમે શીખી લીધુ હોય અને તમારા માટે નકામી હોય તો તેને પસ્તીમાં કે કચરામાં કે ફાડી ન દેતા, એવા વ્યક્તિને આપજો કે જે આ પુસ્તિકાનો ઉપયોગ કરી શીખી શકે.

## તંત્રીસ્થાનેથી...

અમને આપ સૌ વાચકોને જણાવતાં આનંદ થાય છે કે 'જ્ઞાનવૃદ્ધિ' નામનુ આ સામયિક સર્વેને ઉપયોગી રહેશે અને દિન-પ્રતિદિન આવતી નવી માહિતીઓ, સમાચારો અને જાહેરાતો દ્વારા તમને માહિતગાર કરતુ રહેશે.

આ પુસ્તિકામાં જ્ઞાન અને બુદ્ધિ વધે તેવા કોમ્પ્યુટર, મેનેજમેન્ટ, આરોગ્ય તથા એન્જીનીયરીંગ જેવા વિવિધ ક્ષેત્રોને લગતી માહિતીનો સમાવિષ્ટ કરવામાં આવશે.

આ પુસ્તિકામાં ૨૫(પચીસ)થી પણ વધારે આવરી લેવાતા મલ્ટીમીડિયા રીલેટેડ સોફ્ટવેરનું માર્ગદર્શન આપવામાં આવશે જેમાં બધા જ પાના રંગીન હોવાના કારણે સરળતાથી સમજી શકાશે.

આજના યુગમાં ધંધા તથા વ્યવસાયની પરિભાષા બદલાઈ રહી છે. ઓફલાઈનથી માંડી ઓનલાઈન પર પણ ખરીદારો અને વ્યાપારીઓ ફંટાઈ રહ્યા છે, તેવામાં ઓનલાઈન ધંધા-વ્યવસાયની માહિતી કેવી રીતે મેળવવી અને મેનેજમેન્ટ કેવી રીતે કરવું, અને જે ધંધો કે વ્યવસાય કરો તેના કાયદા શું છે અને તેમાં ભારત સરકાર તથા રાજ્ય સરકાર કેવી રીતે મદદરૂપ થાય છે તેની માહિતીનો સમાવેશ કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન કરવામાં આવશે જે તમને ધંધા-વ્યવસાય કરવામાં મદદરૂપ રહેશે.

**- હેમંત યો. જોષી.**

કોરોના વાયરસ તમારા ઘરમાં ઘૂસી ના જાય તે માટે...
**માસ્ક પહેર્યા વિના બહાર ન નીકળવુ**
**સોશ્યલ ડિસ્ટન્સ જાળવવુ**
**વારંવાર સાબુથી હાથ ધોવા**
એ ત્રણ સંકલ્પ લેવા અપીલ...

**હવે આ સામયિક ને તમે તમારા મોબાઈલ પર પણ જોઈ શકશો.**

www.rupiyakamao.com માં આવેલ e-store દ્વારા વિવિધ વસ્તુઓનું વેચાણ કરો અને રૂપિયા કમાઓ.
આ e-store માં ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રીકલ, વિવિધ બ્રાન્ડના મોબાઈલ તથા એસેસરીઝ, રેડીમેડ ગારમેન્ટ્સ, ગીફ્ટ આર્ટીકલ્સ, કોસ્મેટીક્સ અને શૃંગારની આઈટમ્સ, ઘડિયાળો, બુક્સ, ફર્નિચર, ક્રોકરી આઈટમ્સ, હોમ એપ્લાયન્સીસ, ડેકોરેટીવ ઝુમ્મર નું વેચાણ કરી રૂપિયા કમાઈ શકશો.

### 'જ્ઞાનવૃદ્ધિ' સામયિકનો ઉપયોગ કેવી રીતે કરશો ?



(૧) તમને મળતા 'જ્ઞાનવૃદ્ધિ'ના તમામ અંકોને એક ફાઈલમાં ભેગા કરવા.
(૨) જે તે વિષયની માહિતી કે જાણકારીને ક્રમમાં ગોઠવીને વાંચવી.

www.gyanvrudhi.info

પાના નં. ૪ પર
સાહેબ, મને કોરોના થઇ ગયો હોય એવું સતત લાગ્યા કરે છે : ડિપ્રેશનનો ભોગ બનેલા નાગરિકો માટે નિષ્ણાંતો દ્વારા સાયકોલોજિકલ કાઉન્સિલિંગ
વધુ વાંચો પાના નં : ૪ પર...

**જ્ઞાનવૃદ્ધિ**
જો તમને આ સામયિક ન મળે અથવા ચૂકી જાવ તો તેને અમારી વેબસાઈટ પરથી પણ જોઈ શકાશે.
www.gyanvrudhi.info

રેફર કરો, રૂપિયા કમાઓ...
www.rupiyakamao.com
સભ્યપદ વિનામૂલ્યે

ADD WINGS TO YOUR CAREER...
WINGS MULTIMEDIA EDUCATION
AN ISO 9001 : 2008 CERTIFIED INSTITUTE

પાના નં. ૨ પર
ખાદ્ય પદાર્થની સાચવણી : Part-4
વધુ વાંચો પાના નં : ૨ પર...

પાના નં. ૨ પર
અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની અને લોકોના દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.
વધુ વાંચો પાના નં : ૨ પર...

પાના નં. ૩ પર
૧૨ પ્રકારના મેઘનુ વર્ણન
'હવામાન' વિશે સમજીએ
વધુ વાંચો પાના નં : ૩ પર...

પાના નં. ૩ પર
હવે નોકરીની ચિંતા છોડો સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ. એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો.
વધુ વાંચો પાના નં : ૩ પર...

પાના નં. ૩ પર
ચોમાસામાં દેશના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં ૯૬ થી ૧૦૪ ટકા વરસાદની સંભાવના: હવામાન નિયામક શ્રી જયંત સરકાર
વધુ વાંચો પાના નં : ૩ પર...

ગતાંકથી આગળ...

# ખાદ્ય પદાર્થની સાચવણી : Part - 4

### બરણીમાં ભરવું

બરણીમાં પણ માંસની જાણવણી કરી શકાય છે, આ પ્રક્રિયામાં માંસને બાફીને (મોટેભાગે ગેમ કે માછલીને) માટીની બરણી કે કેસેરોલમાં મૂકી ઢાંકવામાં આવે છે. મોટેભાગે પ્રાણીના ટુકડા કરીને, તેને ખારા પાણી કે રસામાં બાફીને સજ્જડ બંધ બરણીમાં મૂકવામાં આવે છે. રેડ વાઈન અને/કે પ્રાણીના લોહીને પણ કેટલીક વાર રાંધવાના પાણીમાં નાંખવામાં આવે છે. ૨૦મી સદીના મધ્ય સુધી બરણીમાં માંસને ભરીને સાચવવાની પ્રક્રિયા જાણીતી હતી.

### ઈરેડિયેશન

ખાદ્ય પદાર્થનું ઈરેડિયેશનચર્ રૃ થવું તે ખાદ્ય પદાર્થના આયનયુક્ત વિકિરણ સામે ખુલ્લા મુકાવાને લીધે બને છે; જે કાં તો ઉચ્ચ-ઉર્જા ધરાવતા ઈલેક્ટ્રોન કે વેગ વધારનાર યંત્રના ક્ષ-કિરણોને લીધે કે ગામા કિરણો (જે કોબાલ્ટ-૬૦ કે સીજીયમ-૧૩૭ જેવા વિકિરણ ધરાવતા સ્ત્રોતમાંથી ઉત્સર્જીત થતા હોય)ના લીધે બનતું હોય છે. આ પદ્ધતિની અસરોમાં, બેક્ટેરિયાને મારી નાંખવા, આકાર અને જીવડાનો નાશ કરવો, વધુ પડતું પાકવાથી રોકવું અને ફળોને બગડતા રોકવા, અને ઊંચી માત્રામાં જંતુરહિત કરવાનું સમાવિષ્ટ છે. આ પદ્ધતિને જીવાણુનાશક વિધિ સાથે સરખાવવામાં આવે છે, તેને કેટલીક વાર 'ઠંડી જીવાણુનાશક વિધિ' પણ કહેવાય છે, કારણકે તેના ઉત્પાદનને ગરમ કરવામાં નથી આવતા માટે. ઈરેડિયેશન વાયરસ કે પ્રાયોનની સામે અસરકારક નથી, સૂક્ષ્મજંતુઓમાંથી તે ઝેરને નીકાળી નથી શકતું, અને ખાલી ખોરાક અને ઊંચી પ્રારંભિક ગુણવત્તા માટે જ તે ઉપયોગી છે.

વિકિરણની પ્રક્રિયાને અણુ ઊર્જાની સાથે ન જોડાય પણ તેનો ઉપયોગ અણુકેન્દ્ર સંબંધી પ્રતિક્રિયાકારકોમાંથી ઉત્પન્ન થતા કિરણોત્સર્ગી ન્યૂક્લાઈડમાંથી વિકિરણને બહાર કાઢવા માટે થઈ શકે છે. આયનયુક્ત વિકિરણો જીવન માટે જોખમકારક છે (જોકે તે જંતુરહિત કરવામાં ઉપયોગી હોય છે); માટે આ પ્રક્રિયા ભારે કવચવાળા ઈરેડિયેશન ઓરડામાં કરવામાં આવે છે. વિકિરણની સુરક્ષાની સંભાળ લેનારાઓ આવી સુવિધામાં કામ કરતા મજૂરો અને વાતાવરણને આ કારણે વિકિરણની કોઇ પણ પ્રકારની માત્રાનો ભોગ ન બનવું પડે તેનું ધ્યાન રાખે છે. ઈરેડિયેશન આહારમાં કિરણોત્સર્ગી નથી બનાવતું, અને રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય જાણકારોએ અવિકરણીય આહારને આરોગ્યવર્ધક જાહેર કર્યું હતું.

જોકે, આ અનાજના સેવનની આરોગ્યવર્ધકતાને લઈને વિરોધીઓ અને ગ્રાહક મંડળો દ્વારા વિવાદો ઉભા થાય છે. રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય તજજ્ઞોએ અન્ન અવિકરણીયને 'સ્વાસ્થયપ્રદ' જાહેર કર્યુ છે; યુએન(UN)ની સંસ્થાઓ તરીકે, ડબલ્યુએચઓ (WHO) અને એફએઓ (FAO) પણ આહાર વિતરણને પુષ્ટિ આપી છે. આહારનું અવિકરણીય (ઈરેડિયેશન) થવું જોઈએ કે નહીં તે મુદ્દે આંતરરાષ્ટ્રિય કાનૂનમાં દુનિયામાં એકંદર અલગ અલગ મત છે, કોઈ દેશમાં તેની પર કોઇ અંકુશ નથી તો કોઈ દેશમાં તે અંગે સંપૂર્ણ પ્રતિબંધ છે.

એક અંદાજ મુજબ વિશ્વભરના ૪૦ જેટલા દેશોમાં પ્રતિવર્ષે ૫૦૦,૦૦ ટન આહારની સામગ્રીનું ઈરેડિયેશન કરવામાં આવે છે. મુખ્યત્વે ગરમ મસાલા અને ચટણીનું ઈરેડિયેશન કરવામાં આવે છે સાથે જ ફળ માખીના ચેપથી બચવા માટે હાલમાં તાજા ફળોનું પણ મોટા ભાગે અવિકરણ થઈ રહ્યું છે.

### પલ્સ્ડ ઈલેક્ટ્રિક ફિલ્ડ પ્રક્રિયા

પલ્સ્ડ ઈલેક્ટ્રિક ફિલ્ડ પ્રક્રિયા (પીઈએફ (PEF)) કોષો ઉપરની પ્રક્રિયા છે જેમાં કઠોળને પ્રબળ વીજક્ષેત્રમાં રાખવામાં આવે છે. પીઈએફ (PEF) આહાર પેદાશોના શુદ્ધિકરણ માટે નીચા તાપમાન પર જંતુરહિત કરવાની પ્રક્રિયાના એક વિકલ્પ સમાન છે. પીઈએફ (PEF) પ્રક્રિયામાં, પદાર્થને બે ઈલેક્ટ્રોડ વચ્ચે મૂકવામાં આવે છે અને પછી પલ્સ્ડ ઈલેક્ટ્રિક ફિલ્ડ આપવામાં આવે છે. વીજક્ષેત્ર કોષની આંતરત્વચાઓના છિદ્રોને મોટા કરે છે જે કોષોને મારીને અંદરના દ્રવ્યને છૂટું પાડે છે. આહાર પ્રક્રિયા માટે પીઈએફ (PEF) એક વિકાસશીલ ટેકનોલોજી છે, જેના પર હાલ સંશોધનો ચાલુ રહ્યા છે. ઉદ્યોગોમાં ફળોના રસને જંતુરહિત કરવા પીઈએફ (PEF) ટેકનોલોજીનો ઉપયોગ ખૂબ મર્યાદિત છે.

### હવામાનમાં ફેરફાર

હવામાનમાં ફેરફારની પ્રક્રિયામાં આહારની આસપાસના હવામાનને નિયંત્રિત કરીને આહારને સુરક્ષિત રાખવામાં આવે છે. આમ તો શાકભાજી જેવા પાકોની સાચવણી અતિ મુશ્કેલ છે પણ હાલમાં તેને હવામાનમાં સુધારા કરી તેને બંધ કોથળીઓમાં મૂકીને તેમાં ઓક્સિજન (O2) નું પ્રમાણ ઘટાડીને અને કાર્બન ડાયોક્સાઈડ (CO2)નું પ્રમાણ વધારીને સુરક્ષિત રાખવામાં આવે છે. આ પદ્ધતિના ઉપયોગથી શાકભાજીનો દેખાવ અને આકાર પણ જળવાઈ રહે તેનું ધ્યાન રાખવામાં આવે છે. જોકે આ સુરક્ષા પદ્ધતિમાં ખાસ કરીને વિટામિન જેવા પોષકદ્રવ્યો ન પણ જાળવાય તેવું બની શકે.
- અનાજોને કાર્બન ડાયોક્સાઈડના ઉપયોગથી સુરક્ષિત રાખી શકાય છે. ડબ્બાના તળીયે સૂકા બરફના ચોસલાને મૂકી તેની ઉપર અનાજને ભરવામાં આવે છે. જેથી ડબ્બામાંથી વધારોનો ગેસ નીકળી જાય. સૂકા બરફમાંથી નીકળતો કાર્બન ડાયોક્સાઈડ વાયુ અનાજને ચીમળાઈ જવાથી, જંતુઓથી અને ઓક્સિડેશનના નુકશાનથી બચાવે છે. આ રીતે સંગ્રહિત કરેલું અનાજ પાંચ વરસ સુધી ખાદ્ય રહી શકે છે. - અનાજમાં જંતુઓના અસરકારક રીતે નાશ કરવા માટે હાઈપોક્સિયા દ્વારા ૯૮% કે એથીય વધારે સાંદ્ર નાઈટ્રોજન વાયુ (N2)નો પણ ઉપયોગ કરવામાં આવે છે. જોકે, અહીં કાર્બન ડાયોકસાઈડ ફાયદાકારક છે કારણ કે તે માત્ર ૮૦% જેટલી સાંન્દ્રતા વડે હાઈપોક્સિયા અને હાઈપરકાર્બિયાની પ્રક્રિયા દ્રારા તે જંતુઓનો નાશ કરે છે. જ્યારે અનાજને સજ્જડ રીતે સીલબંધ ન કરી શકાય તેવી ઘટનામાં તેની શુદ્ધિ માટે કાર્બન ડાયોક્સાઈડનો ઉપયોગ ઈચ્છનીય છે.

### જમીનમાં દાટવું

અનાજને જમીનમાં દાટવાથી તે સુરક્ષિત રહે તે માટે વિવિધ પરિબળો કામ કરે છે: જેમકે ઓછો પ્રકાશ, ઓછો ઓક્સિજન, ઠંડુ હવામાન, પીએચ (ॐ) સ્તર કે જમીનનું ડેસીકન્ટ. મીઠું નાખી કે આથીને દાટવા જેવી બીજી પદ્ધતિઓને પણ તેમાં જોડી શકાય છે. ઘણા કંદમૂળ શાકભાજીઓ બગડવા સામે પ્રતિકારકતા ધરાવતા હોવાથી તેને અંધારી શીતળ જગ્યાએ રાખવા શિવાયની બીજી ખાસ કોઈ જાળવણી પદ્ધતિઓની જરૂર પડતી નથી, તેને જમીનની નીચે બનાવેલા ગોદમોમાં મૂકી દેવામાં આવે છે. સેન્ચૂરી ઈંડાઓમાં ઈંડાઓને ક્ષારયુક્ત કાદવમાં (કે બીજા ક્ષારયુક્ત પદાર્થોમાં) મૂકવામાં આવે છે, આ "નિર્જીવી" આથા દ્વારા તેમાં બગડવાની બદલે તેના પીએચ (ॐ) સ્તરમાં વધારો થાય છે. આથાને લીધે તે જળવાઈ રહે છે અને તેના કેટલાક જટિલ ઓછા સ્વાદિષ્ટ પ્રોટીનો અને ચરબીના બંધારણ આ કારણે તૂટી પડે છે, જે તેને વધુ સ્વાદિષ્ટ બનાવે છે. મોટાભાગના અનાજની જમીનમાં જાળવણી કરવામાં આવે છે. પણ એ માટે જમીન ઘણી સુકી અને ક્ષારયુક્ત (કે ડેસીકન્ટ), કે ઠંડી હોવી જરૂરી છે.

કોબીજને જાળવણી માટે યુએસએ (USA)ના ઉત્તારીય ખેતરોમાં તેને પરંપરાગત રીતે દાટવામાં આવે છે. કેટલીક પદ્ધતિઓ તેને કડક રાખે છે જ્યારે કેટલીક પદ્ધતિઓ તેમાંથી સાવર્ક્રાઉટચસંદર્ભ આપોૃનું ઉત્પાદન કરે છે. કિમચીની પારંપરિક બનાવટમાં પણ આવી જ પદ્ધતિનો ઉપયોગ થાય છે. કેટલીકવાર માંસને પણ સાચવણી માટે દાટવામાં આવે છે. જો ગરમ કોલસા કે રાખ ઉપર દાટવામાં આવે તો તેની ગરમીથી જીવાણુઓ મરી જાય છે, રાખ માંસને સૂકું રાખશે, અને જમીન ઓક્સિજનને તેમજ ચેપને સ્થગિત કરી દે છે. જો ખૂબ ઠંડી જમીનમાં દાટવામાં આવે તો તે ભૂમિ રેફ્રિજરેટર જેવું કામ કરે છે.

### સૂક્ષ્મજંતુનો નિયંત્રિત ઉપયોગ

કેટલાક આહાર, જેવા કે ચીઝ, વાઈન અને બિયરને લાંબો સમય સુધી સાચવવા માટે તેના ઉત્પાદનમાં સૂક્ષ્મજંતુઓનો ઉપયોગ કરવામાં આવે છે જે બીજી ઓછી શરૂઆતી જૈવિક બગાડ સામે રક્ષણ આપે છે. આ સૂક્ષ્મજંતુઓ એસિડ કે દારૂ બનાવીને પોતાના અને બીજા સૂક્ષ્મજીવો માટે પ્રતિકૂળ ઝેરી વાતાવરણ પેદા કરે છે. માનવ વપરાશ માટે યોગ્ય આહારના ઉત્પાદન માટે ખાસ પ્રકારની નિયંત્રિત સ્થિતિનું નિર્માણ કરવા માટે શરૂઆતી સૂક્ષ્મજીવો, મીઠું, હોપ, નિયંત્રિત તાપમાન (મોટેભાગે ઠંડું), નિયંત્રિત ઓક્સિજન સ્તર (સામાન્યરીતે નીચું), અને અન્ય પદ્ધતિઓનો ઉપયોગ થાય છે.

### ઊંચા દબાણવાળું આહાર રક્ષણ

અહીં આહારની જાળવણી માટે ઊંચા દબાણનો ઉપયોગના સંદર્ભમાં ઊંચા દબાણવાળા આહાર રક્ષણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. "અનાજનો દેખાવ, સ્વાદ, તાજગી અને પોષકતા બરાબર રહે અને હાનિકારક સૂક્ષ્મજીવો નાશ પામે અને સડાની પ્રક્રિયા ધીમી પડે તે માટે પાત્રમાં પ્રતિ વર્ગ ઈંચ વિસ્તારમાં ૭૦,૦૦૦ પાઉન્ડ કે તેથી વધુ દબાણે અનાજને ભરવામાં આવે છે." ૨૦૦૧માં, તે માટે જરૂરી વ્યવસાયિક સાધનોનો વિકાસ કરવામાં આવ્યો જેથી ૨૦૦૫માં સુધીમાં આ પ્રક્રિયાનો ઉપયોગ કરીને વિશ્વ સ્તરના નારંગીના રસથી લઈને ગ્વાકામોલે અને ડેલી માંસના વેચાણ થઈ શકે.


રેફર કરો, રૂપિયા કમાઓ...

www.rupiyakamao.com

સભ્યપદ વિનામૂલ્યે

તમે જોડાઓ અને તમારા મિત્રોને, સગાંસબંધીને આ વેબસાઈટમાં જોડો અને રેફરલ ઈન્કમ કમાઓ

www.rupiyakamao.com



# અભિનેતા બની લોકોના

# દિલ-દિમાગ પર છવાઈ જવાની તક.

## અભિનય કળા શીખવા ઈચ્છતી વ્યક્તિઓને અભિનય ક્ષેત્રે કારકિર્દી બનાવવાની તક.

## જ્ઞાનવૃદ્ધિ એટલે...

જ્ઞાનની સાથે આપના ધંધા-વ્યવસાયની જાહેરાત કરવાનું અસરકારક માધ્યમ

આ સામયિક વિનામુલ્યે દર ગુરૂવારે પ્રસિદ્ધ થશે જે ૨૫,૦૦૦થી પણ વધારે વાચકો સુધી પહોચશે જેના દ્વારા આપના ધંધા-વ્યવસાયની માર્કેટીંગ અને પબ્લીસીટીની વ્યુહરચનાને વધુ અસરકારક બનાવે છે.

વેબસાઈટ પર પણ તમારી જાહેરાત

નાના બાળકોથી લઈને વડીલોને પણ ઉપયોગમાં આવે તેવી માહિતી તથા માર્ગદર્શન આ પુસ્તિકાને જીવીત રાખશે.

જયારે જયારે વાચક આ પુસ્તિકા વાંચશે ત્યારે તેમની નજર આપના ધંધા-વ્યવસાયની જાહેરાત પર પણ પડશે.

લાંબાગાળા સુધી આપની જાહેરાત ટકાવી રાખવા માટે

જાહેરાત માટે સંપર્ક : 8306781161

## કોર્સના મુખ્ય ફાયદા :

૧. એસોસીએટ ફર્મની એડફિલ્મમાં વિવિધ રોલ ભજવી કુલ ૨૮ એડફિલ્મોમાં લીડિંગ રોલ.
૨. ૨૮ એડફિલ્મો બાદ કાર્પોરેટ એડફિલ્મોમાં લીડિંગ રોલ - દરેક એડફિલ્મ દીઠ રૂા. ૧૦,૦૦૦/-.(બે વર્ષનો એગ્રીમેન્ટ)
૩. એસોસીએટ ફર્મના પેમ્ફલેટ તથા જાહેરાતોમાં તમારો ચહેરો છપાશે .
૪. એસોસીએટ ફર્મના સ્ટેજ શો તથા પ્રમોશનલ એક્ટીવીટીમાં એન્કરીંગ કરવાની તક. (પ્રથમ ૩ શો વિનામૂલ્યે ત્યારબાદ દરેક શો ના રૂા. ૧૦,૦૦૦/- મળશે.)
૫. કોઈ વિદ્યાર્થી રેફર કરો તો ૫% કમિશન મળશે.
૬. પ્રોફીટ શેરીંગનો લાભ.
૭. પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો એક્ટીંગ સ્ટુડિયો સેટ-અપ.

વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161

# હવે નોકરીની ચિંતા છોડો

## સ્પેશિયલાઈઝેશન ઈન ગ્રાફિક્સ અને એનીમેશનનાં કોર્સમાં જોડાઓ.

## એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર મેળવો

**૧૪ ગ્રાફિક્સ અને એનિમેશનના + ૧૨ સપોર્ટેડ સોફ્ટવેર શીખવાની તક.**

### કોર્સના મુખ્ય ફાયદા :

૧.એડમિશન વખતે એપોઈન્ટમેન્ટ લેટર, શરૂઆતનો પગાર રૂા. ૧૨,૦૦૦/-.
૨.લાયસન્સ વર્ઝન સોફ્ટવેર પર પ્રેક્ટીશ.
૩.હાઈ-કન્ફીગ્યુરેશનવાળી કોમ્પ્યુટર સીસ્ટમ. અધતન ટેક્નોલોજી ધરાવતા સાધનો.
૪.અનુભવી ફેકલ્ટી દ્વારા માર્ગદર્શન.
૫.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૧૦% વધારો મળશે.
૬.કોઈ વિદ્યાર્થી રેફર કરો તો પગારમાં ૫% કમિશન મળશે.
૭.પ્રથમ ૩૦ વિદ્યાર્થીને પ્રોફીટ શેરીંગનો લાભ.
૮.પ્રોફેશનલ ટ્રેનીગ દ્વારા ઓછા રોકાણમાં પોતાનો સ્ટુડિયો સેટ-અપ.

### કોર્સમાં કોણ જોડાઈ શકે ?

૧.કોલેજ કરતા વિદ્યાર્થીઓ
૨.ગૃહિણીઓ
૩.નોકરી કરવાની ઈચ્છા ધરાવતા તમામ.
૪.પોતાનો નવો ધંધો-વ્યવસાય શરૂ કરવા ઈચ્છતા તમામ.
૫.આઈ.ટી.આઈ, સાયન્સ, કોમર્સ,આર્ટસ, મેડીકલ, એન્જીનીયરીંગ કરતા તમામ.

કોર્સમાં જોડાવાની લાયકાત :
૧.કોમ્પ્યુટરનુ બેઝીક નોલેજ – ઇન્ટનેટ, ઈ-મેઈલ, એમ.એસ. ઓફીસનું નોલેજ.
૨.૧૮ વર્ષથી ઉપરની કોઈ પણ વ્યક્તિ.

## વધુ માહિતી માટે સંપર્ક કરો. 8306781161

# ૧૨ પ્રકારના મેઘનુ વર્ણન

મેઘ શબ્દનો અર્થ વરસાદ થાય છે. ગુજરાતી લોક્સાહિત્ય પ્રમાણે ૧૨ પ્રકારના મેઘનુ વર્ણન કરવામાં આવેલ છે. લોક સાહિત્યમાં મનાતા બાર પ્રકારના મેઘ નીચે મુજબ છે:

૧. ફરફર જેનાથી માત્ર હાથપગના રૂંવાડા જ ભીના થાય તેવો નજીવો વરસાદ.
૨. છાંટા ફરફરથી વધુ વરસાદ.
૩. ફોરા છાંટાથી વધુ- મોટા ટીપાં.
૪. કરા ફોરાથી વધુ પણ જેનું તરત જ બરફમાં રૂપાંતર થઈ જાય તેવો વરસાદ.
૫. પછેડીવા પછેડીથી રક્ષણ થાય તેવો વરસાદ.
૬. નેવાધાર છાપરાના નેવા ઉપરથી (નળીયા ઉપરથી) પાણી વહે તેવો વરસાદ.
૭. મોલ મેહ' મોલ એટલે પાકને જરૂરી હોય તેવો વરસાદ.
૮. અનરાધાર એક છાંટો, બીજા છાંટાને સ્પર્શી જાય અને ધાર પડે તેવો વરસાદ.
૯. મૂશળધાર અનારાધારથી તીવ્ર વરસાદ (મુશળ = સાંબેલું ). આ વરસાદને સાંબેલાધાર વરસાદ પણ કહેવામાં આવે છે.
૧૦.ઢેફાભાંગ વરસાદની તીવ્રતાથી ખેતરોમાં માટીના ઢેફા નરમ થઈ તૂટી જાય તેવો વરસાદ.
૧૧.પાણ મેહ ખેતરો પાણીથી છલોછલ ભરાઈ જાય અને કૂવાના પાણી ઉપર આવી જાય તેવો વરસાદ.
૧૨.હેલી ઉપરના અગિયાર પ્રકારના વરસાદમાંથી કોઈને કોઈ વરસાદ સતત એક અઠવાડીયું ચાલે તેને હેલી કહેવામાં આવે છે.

મેઘમાળા નામના પુસ્તકમાં બાર મેઘ આ પ્રમાણે ગણાવાયા છે: સુબુદ્ધિ, નંદશાલિ, કન્યદ, પૃથુશ્રવા, વાસુકિ, તક્ષક, વિકર્તન, સર્વદ, હેમશાલી, જલેંદ્ર, વજદંષ્ટ્ર અને વિષપ્રદ. જ્યારે શ્રાવણી કર્મમાં તેમનાં નામ કણદ, પૃથુશ્રવા, વાસુકિ, તક્ષક, જલેંદ્ર, વજદંષ્ટ્ર, કેબલ, સુતરામ્બુ, હેમશાલી, સ્વરોધકર અને વિષપ્રદ એમ આપેલા છે.

<u>કહેવત :</u> બારે મેઘ ખાંગા થવા - જ્યારે ખુબ વરસાદ પડે અને બારે પ્રકારના મેઘ જોવા મળે, ત્યારે આ ઉક્તિ વાપરવામાં આવે છે.

<u>માપન :</u> વરસાદના માપન માટે સામાન્ય રીતે મિલિમીટર પ્રતિ કલાકમાં, કે જે દેશોમાં ઈમ્પિરિયલ એકમોનો વપરાશ છે ત્યાં ઈંચ પ્રતિ કલાકમાં વપરાય છે. જેમાં "લંબાઈ", કે વધુ સ્પષ્ટતાપૂર્વક કહીયે તો, "ઊંડાઈ" મપાય છે તે સપાટ, આડી અને અભેદ્ય સપાટી પર એક ચોક્કસ સમયગાળા, સામાન્ય રીતે કલાક, દરમીયાન પડેલાં વરસાદના પાણીની ઊંડાઈનું માપ હોય છે. એક મિલિમીટર વરસાદ એટલે એક ચોરસ મીટર સપાટી પર પડેલું એક લીટર પાણી એમ ગણાય છે.વરસાદ માપવાનો પ્રમાણભૂત રસ્તો "પ્રમાણભૂત વરસાદમાપક" છે, જે ૧૦૦-મિ.મી. (૪-ઈંચ) પ્લાસ્ટીક બનાવટના અને ૨૦૦-મિ.મી. (૮-ઈંચ) ધાતુ બનાવટના મળે છે. અંદરનો નળાકાર ૨૫ mm (૦.૯૮ in) વરસાદથી ભરાય છે, પછી ઉભરાતું પાણી બહારના નળાકારમાં આવે છે. પ્લાસ્ટીકના માપકમાં અંદરના નળાકારમાં નીચે તરફ ૦.૨૫ mm (૦.૦૦૯૮ in) સુધીનું માપ લખાયેલું હોય છે, જ્યારે ધાતુના માપકમાં નીચે તરફ ૦.૨૫ mm (૦.૦૦૯૮ in) સુધીનું માપ લખાયેલી એક પટ્ટીની જરૂર પડે છે. વરસાદમાપક દ્વારા એકઠા થતા આંકડાઓ હવામાન ખાતાની કચેરીઓ કે મધ્યસ્થ હવામાન સંસ્થાઓને મોકલાય છે. જ્યાં તેનો રેકર્ડ રાખવામાં આવે છે.

# ચોમાસામાં દેશના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં ૯૬ થી ૧૦૪ ટકા વરસાદની સંભાવના: હવામાન નિયામક શ્રી જયંત સરકાર

રાજ્યમાં આગામી ચોમાસાની ઋતુમાં સંભવિત વરસાદની સ્થિતિને પહોંચી વળવા વહીવટીતંત્ર સંપૂર્ણ સજ્જ છે. રાજ્યમાં વર્તમાન કોરોના મહામારીને ધ્યાને રાખીને કેન્દ્રની માર્ગદર્શિકા મુજબ તકેદારીપુર્વક તૈયારીઓ કરવા વહીવટી તંત્ર અને મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આજે ગાંધીનગર ખાતે સંપૂર્ણ સામાજિક અંતર સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલી પ્રિમોન્સૂનની તૈયારી અંગે સમીક્ષા બેઠકમાં મુખ્ય સચિવશ્રી મૂકીમે જણાવ્યું હતું કે હાલમાં ગુજરાત સહિત સમગ્ર દેશ કોરોના મહામારી સામે જંગ લડી રહ્યો છે. આ સ્થિતિમાં આગામી ચોમાસાની ઋતુમાં સંભવિત વરસાદ, પૂર અને વાવાઝોડા સામે રાહત અને બચાવની કામગીરીમાં વહીવટીતંત્રે PPE કીટ, માસ્ક, સામાજિક અંતર જેવી તમામ બાબતોનું ખૂબ સાવચેતીપૂર્વક પાલન કરવું પડશે. બેઠકમાં ઉપસ્થિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ એ સંબંધિત વરસાદની સ્થિતિને પહોંચી વળવા તેમના એક્શન પ્લાન રજૂ કર્યા હતા જેમાં મુખ્ય સચિવશ્રીએ જરૂરી તલસ્પર્શી સૂચનો કર્યા હતા.

ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગના નિયામક શ્રી જયંત સરકારે જણાવ્યું હતું કે આ વર્ષે ગુજરાત સહિત દેશના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં ૯૬ થી ૧૦૪ ટકા જેટલો વરસાદ થવાની સંભાવના છે. દેશમાં કેરળ ખાતે સંભવિત તારીખ ૫ જૂને ચોમાસાનું આગમન થશે જેના સંભવિત ૧૫ થી ૨૦ દિવસ બાદ દક્ષિણ ગુજરાતમાં વરસાદનું આગમન થશે તેમ જણાવી સરકારે ગત આ વર્ષે ગુજરાતમાં થયેલા વરસાદની વિગતવાર આંકડાકીય વિગતો રજૂ કરી હતી.

આ પ્રસંગે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારે સંભવીત વરસાદની પરિસ્થિતિમાં પુર અને વાવાઝોડામાં રાહતની કામગીરી દરમિયાન વિવિધ સુરક્ષાઓની તૈયારીઓ અને તેમને સાવચેતીના ભાગરૂપે રાખવાને થતી કાળજી અંગે તેમજ જરૂરી સૂચનો કર્યા હતા.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર ખાતે યોજાયેલ પ્રિમોન્સૂન અંગેની વિડિયો કોન્ફરન્સમાં મુખ્ય સચિવ શ્રી એ તેમની ઓફિસમાંથી જ્યારે વિવિધ ઉચ્ચ અધિકારીઓએ સ્વર્ણિમ સંકુલમાં આવેલા તાપી હોલ ખાતેથી આ બેઠકમાં ભાગ લઈને તેમજ માસ્કથી સજ્જ અધિકારીઓએ સંપૂર્ણપણે સામાજિક અંતર જાળવ્યું હતું.

આ પ્રિમોન્સૂન બેઠકમાં ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સંગીતા સિંઘ, રાહત કમિશનર શ્રી કે.ડી. કાપડિયા સહિત વિવિધ વિભાગો જેવા કે આરોગ્ય, સિંચાઈ, કૃષિ, માર્ગ અને મકાન, પાણી પુરવઠો, અન્ન અને નાગરિક પુરવઠા, વન, બંદરો અને વાહન વ્યવહાર, પંચાયત, ઉર્જા, શ્રમ, ઉદ્યોગ, સાયન્સ એન્ડ ટેકનોલોજી, પશુપાલન, શહેરી વિકાસ તેમજ માહિતી ખાતાના ઉચ્ચ સનદી અધિકારીઓએ ઉપસ્થિત રહીને આ અંગે પોતાના દ્વારા કરેલી તૈયારીઓ રજૂ કરી હતી.

આ ઉપરાંત બેઠકમાં આર્મી, હવાઈ દળ, બીએસએફ, એનડીઆરએફ, સીઆઈએસએફ, ગુજરાત પોલીસ, બીએસએનએલ, GSDMA, જીપીસીબીના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# 'હવામાન' વિશે સમજીએ

હવામાન વાતાવરણની એવી અવસ્થા છે કે જે ઠંડી કે ગરમ, ભીની કે સૂકી, શાંત કે તોફાની, સ્પષ્ટ કે વાદળછાયી હોઈ શકે.ચ૧ૃ હવામાનને લગતા મોટા ભાગના બનાવ સ્ટ્રેટોસ્ફિયર (સમોશ્રતાવરણ)ની નીચેના ટ્રોપોસ્ફિયર (સમતાપ મંડળ)માંચરૃચરૂ બનતા હોય છે. હવામાનનો સામાન્ય અર્થ રોજબરોજનુ તાપમાન કે વરસાદની પ્રવૃત્તિ એવો થાય, જ્યારે આબોહવા (ક્લાઈમેટ) લાંબા ગાળાની વાતાવરણને લગતી પરિસ્થિતિઓની સરેરાશ દર્શાવવા માટે વપરાતી સંજ્ઞા છે.ચ૪ૃ થોડાક ફેરફારો સહિત ઉપયોગમાં લેવાતા, "હવામાન" સમગ્ર પૃથ્વીના હવામાન તરીકે સમજવામાં આવે છે.

એક અને બીજા સ્થળ વચ્ચેના (તાપમાન અને ભેજ) ઘનતાના તફાવતને કારણે ઉદભવે છે. આ તફાવત અમુક સ્થાને સૂર્યના અયનવૃત્તના અક્ષાંશ પ્રમાણે બદલાતા દ્રષ્ટિકોણના કારણે સર્જાય છે. ધ્રુવીય અને અયનવૃત્તિય પ્રદેશોના તાપમાનના વિરોધાભાસને કારણે જેટ સ્ટ્રીમ ઉદભવે છે. મધ્ય-અક્ષાંશનુ હવામાન તંત્ર, જેવાકે ઉષ્ણકટીબંધીય ચક્રવાતો, જેટ સ્ટ્રીમના પ્રવાહના અસ્થાયીપણાને કારણે સર્જાય છે. પૃથ્વીની ધરી તેની ભ્રમણ કક્ષા તરફ નમેલી હોવાના કારણે સૂર્યપ્રકાશ વર્ષના જુદા જુદા સમયે ભિન્ન-ભિન્ન કોણથી આપાત થાય છે.

### ડૉક્ટર અને પોલીસની જેમ જ મેડિકલ ‘હેલ્પલાઇન ૧૦૪’ના કર્મચારીઓ પણ 24 X 7 ઓન ડ્યુટી

# સાહેબ, મને કોરોના થઇ ગયો હોય એવું સતત લાગ્યા કરે છે : ડિપ્રેશનનો ભોગ બનેલા નાગરિકો માટે નિષ્ણાંતો દ્વારા સાયકોલોજિકલ કાઉન્સિલિંગ

## રાજ્ય સરકારની સુચનાથી GVK EMRI દ્વારા શરુ કરાયેલી ૧૦૪ હેલ્પલાઇન ખુબ જ અસરકારક સાબિત થઇ : કોરોનાને લગતી માહિતી, માર્ગદર્શન અને મદદ ઉપરાંત હતાશ વ્યક્તિઓનું પણ કાઉન્સિલિંગ કરાય છે

★ કૉલ સેન્ટર પર બેઠેલો પ્રત્યેક કર્મચારી દરરોજનાં ૨૦૦ થી ૨૫૦ ફોન કૉલ એટેન્ડ કરે છે : ૨૫૦થી વધુ કર્મચારીઓ સેવારત : સૌથી વધુ અમદાવાદથી કૉલ આવે છે

★ ૧૦૪ હેલ્પલાઇન ઉપર તા.૫મી માર્ચથી કુલ ૭,૧૭,૮૫૧ કૉલ આવ્યા જે પૈકી કોવિડ-૧૯ સંબંધિત ૧,૦૩,૮૧૫ કૉલ

★ ૧૧૦૦ હેલ્પલાઇન ઉપર તા.૩૦ મી માર્ચથી કુલ ૧૯,૬૫૪ કૉલ આવ્યા જે પૈકી કોવિડ-૧૯ સંબંધિત ૧૯૩૧ કૉલઃ જેમા ૩૩૧ને કાઉન્સિલિંગ અને ૪૪૯૩ને મેડિકલ એડ્વાઇઝ આપવામાં આવી

★ એમબીબીએસ, એમડી, સાયકિયાટ્રીસ્ટ, ક્લિનિકલ સાયકૉલૉજિસ્ટ, ફિઝિશિયન જેવા નિષ્ણાંત તબીબો ટેલિકાઉન્સિલિંગ અને ટેલિએડવાઇઝ આપે છે

સાહેબ, મને કોરોના થઈ ગયો હોય એવું સતત લાગ્યા કરે છે...સાહેબ, મને તાવ આવ્યો છે કે નહિં તે હું સતત ચેક કર્યા કરું છું...સાહેબ, કોરોના થઈ ગયો હોય અને તાવ-ખાંસી પણ ના આવે એવું બને ખરું?... આવા તો કેટ કેટલા ફોન કૉલ હવે હેલ્પલાઈન નં.૧૦૪ ઉપર આવી રહ્યા છે. રાજયનાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે કોરોનાને લગતા પ્રશ્નો માટે શરુ કરેલી આ હેલ્પલાઈનમાં ચિંતા, હતાશા અને તણાવનો ભોગ બનેલા વ્યક્તિઓનાં પણ કૉલ આવી રહ્યા છે. જો કે તેના માટે અલગથી હેલ્પલાઈન નં.૧૧૦૦ શરુ કરાયેલી છે તેમ છતાં આ ૧૦૪ નંબર પર કૉલ કરી આવે તો તેમને પણ સંતોષકારક જવાબ આપી જરુર જણાય તો ડિપ્રેશનનો ભોગ બનેલા આવા નાગરિકોને કોન્ફ્રન્સ કૉલ મારફતે નિષ્ણાંતો દ્વારા સાયકૉલૉજિકલ કાઉન્સિલિંગ કરવામાં આવી રહ્યુ છે.

ગુજરાતમાં કોરોના વાઈરસના પૉઝિટિવ દર્દીઓની સંખ્યા વધતાની સાથે શરુ થયેલા નકારાત્મક સમાચારો અને સોશિયલ મિડિયાના બિહામણા મેસેજીસને કારણે ઘણાં નાગરિકો ચિંતા અને હતાશાનો ભોગ બન્યા છે. રાજ્ય સરકારને ધ્યાને આવેલી આ બાબતને ગંભીરતાથી લઈને ખાસ હેલ્પલાઈન નં.૧૧૦૦ શરુ કરવામાં આવેલી છે. કોરોનાને લગતી માહિતી અને મદદ માટે કાર્યરત મેડિકલ હેલ્પલાઈન ૧૦૪માં પણ આવા ઘણા કૉલ આવી રહ્યા છે ત્યારે તેમને સંપૂર્ણ સંવેદનાથી સાંભળી હતાશ થઈ ગયેલા આવા વ્યક્તિઓનું અહીથી પણ સાયકૉલૉજિકલ કાઉન્સિલિંગ કરવામાં આવી રહ્યુ છે. રાજ્ય સરકારની સુચનાથી ય્ફ્દ્ધ ઈસ્ઈં દ્વારા શરુ કરાયેલી આ ૧૦૪ હેલ્પલાઈન ખુબ જ અસરકારક સાબિત થઈ છે. માર્ચથી અત્યાર સુધીમાં એક લાખથી વધુ ફોન કૉલ આ હેલ્પલાઈન ઉપર આવ્યા છે.

હાલની સ્થિતીમાં જે રીતે ડૉક્ટર, નર્સિંગ સ્ટાફ, સફાઈકર્મી, પોલીસ ખડેપગે રહીને કામ કરી રહ્યાં છે એ જ રીતે હેલ્પલાઈન નંબર ૧૦૪ના કર્મચારીઓ પણ અવિરત ૨૪★૭ કામ કરી રહ્યા છે. આ હેલ્પલાઈન દ્વારા કોરોનાને લગતી માહિતી અને સૂચન મેળવી શકાય છે. રાજ્યમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધતા આ હેલ્પલાઈન પર કૉલ કરનારા લોકોની સંખ્યા પણ વધી ગઈ છે.

**GVK EMRI**નાં મેનેજર શ્રીએ આ અંગે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, કોરોનાની મહામારી રાજ્યમાં ફેલાઈ નહોતી ત્યારે ૧૦૪ હેલ્પલાઈન પર દરરોજના ૨૦૦૦ થી ૨૩૦૦ કૉલ આવતા હતા. હવે કોરોનાને લીધે એ સંખ્યા વધીને ૧૫ હજાર થી ૧૭ હજાર જેટલી થઈ ગઈ છે. વચ્ચે થોડા સમય માટે તો આ કોલ્સનો આંક વધીને ૨૦ હજાર ઉપર પહોંચ્યો હતો. રાજ્ય સરકારની ૧૦૪ હેલ્પલાઈન ઉપર તા.૫ મી માર્ચથી તા.૧૪ મે ૨૦૨૦ સુધી કુલ ૭,૧૭,૮૫૧ કૉલ આવ્યા છે જે પૈકી કોવિડ-૧૯ સંબંધિત ૧,૦૩,૮૧૫ કૉલ આવ્યા છે. જેમાંથી કોરોનાનાં સંભવિત લક્ષણો ધરાવતા હોય એવા કોલ્સ ૭૬૧૩ જેટલા આવ્યા છે. હાલમાં પ્રતિ દિન એવરેજ કોવિડ-૧૯ સંબંધિત કોલ્સ ૧૫૦૦થી વધુ આવે છે. તેવી જ રીતે ૧૧૦૦ હેલ્પલાઈન ઉપર તા. ૩૦ મી માર્ચથી તા. ૧૪મી મે સુધી કુલ ૧૯,૬૫૪ કૉલ આવ્યા છે જે પૈકી કોવિડ-૧૯ સંબંધિત ૧૯૩૧ કૉલ આવ્યા છે. જેમાં ૩૩૧ને કાઉન્સિલિંગ અને ૪૪૯૩ને મેડિકલ એડ્વાઈઝ આપવામાં આવી છે.

૧૦૪ હેલ્પાઈનમાં કામ કરતાં કર્મચારીઓ પૈકી પ્રત્યેક કર્મચારી દરરોજના ૨૦૦ થી ૨૫૦ ફોનકૉલ એટેન્ડ કરે છે. કૉલમાં લોકો કોરોના વાઈરસનાં લક્ષણો વિશે પૂછે છે. ચેપ કેવી રીતે ફેલાય છે?, તકેદારી શું રાખવી જોઈએ જેવા સવાલો પૂછે છે અને અને હવે ડિપ્રેશનને કારણે હતાશ થઈ ગયેલા લોકોના પણ કૉલ આવે છે.

કોઈ બિમાર હોય અને ઍમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી દો એવી માગણી કરે તો તેવા કિસ્સામાં કૉલરની વિગત મેળવવામાં આવે છે કે તેમને કઈ પ્રકારની તકલીફ છે? તેમની ટ્રાવેલ હિસ્ટ્રી શું છે? એ જાણવા પ્રયાસ કરી જરૂર જણાય તો તેમનું રજિસ્ટ્રેશન કરીને આરોગ્યવિભાગમાં એ વિગતો મોકલી આપવામાં આવે છે. કોઈ વ્યક્તિ દવા અંગે સૂચન માગે તો તેમને હેલ્પલાઈન નંબર ૧૧૦૦ પર કૉલ કરવા સમજ આપવામાં આવે છે. ૧૧૦૦ એ ટેલિમેડિસિન, ટેલિકાઉન્સિલિંગ (પરામર્શ) તેમજ ટેલિએડવાઈઝ (સલાહ) હેલ્પલાઈન છે. નિષ્ણાંત ડૉક્ટરોની પૅનલ અહીં તેમને માર્ગદર્શન આપે છે. આ ૧૦૪ હેલ્પલાઈનનું મૂળ કાર્ય આરોગ્યવિષયક જાણકારી આપવાનું છે. જરૂર જણાય તો દવાખાને જવા સલાહ આપવામાં આવે છે અને દવાની વિગત માગે તો તેમને ૧૧૦૦ ઉપર કૉલ કરવા જણાવવામાં આવે છે.

૧૦૪ હેલ્પલાઈન ૨૪ કલાક ચાલુ રહે છે જ્યાં સમગ્ર ગુજરાતમાંથી ફોનકૉલ આવે છે. કોઈ કોઈ કૉલ ખૂબ લાંબા ચાલે છે તેમને માર્ગદર્શનની જરૂર હોય તો આપવામાં આવે છે. તેમને મેડિકલ ઈમરજન્સી જણાય તો એના માટે પણ મદદ કરી આપવામાં આવે છે. એટલું જ નહિ, કૉલરને જવાબ આપવાની બાબતમાં સ્ટાફ દ્વારા ક્યારેય ઉતાવળ કરાતી નથી. કૉલરને જ્યાં સુધી સંતોષ ન થાય ત્યાં સુધી કૉલ ચાલુ રહે છે.

૧૦૪ હેલ્પલાઈનમાં ૨૫૦ કર્મચારીઓ રાત-દિવસ ફરજ બજાવે છે. સંપુર્ણ સોશિયલ ડિસ્ટન્સિગ સાથે ૬૦થી ૭૦ કર્મચારીઓ હેલ્પલાઈનમાં લોકોને ફોન પર જવાબ આપવા માટે બેઠા હોય છે. જેમા રાત્રે ૧૨વાગ્યા પછી કૉલની સંખ્યા ઘટી જતી હોવાથી રાત્રે હેલ્પલાઈન ડેસ્ક પર કર્મચારીની સંખ્યા ઘટાડી દેવાય છે. સૌથી વધુ ફોનકૉલ સવારે ૯ થી બપોરે ૧ દરમિયાન આવે છે. બપોરે કૉલનો પ્રવાહ ઓછો થઈ જાય છે. એ પછી સાંજે ૫ થી ૮વચ્ચે ફરી કૉલનો પ્રવાહ વધી જાય છે. કૉલ તો સમગ્ર ગુજરાતમાંથી આવે છે, પરંતુ મહત્તમ કૉલ અમદાવાદમાંથી આવે છે. ઉપરાંત રાજકોટ, સુરત,વડોદરા જેવાં શહેરોમાંથી પણ કૉલ મોટી સંખ્યામાં આવે છે. ૧૦૪ હેલ્પલાઈન સિંગલ પૉઈન્ટ ઑફ કૉન્ટેક્ટ છે.

૧૧૦૦ ફોન હેલ્પલાઈનમાં ડૉક્ટર દ્વારા સાયકૉલૉજિકલ કાઉન્સિલિંગ આપવામાં આવે છે. ત્યાં હતાશા અને ચિંતા અંગે લોકો કૉલ કરે છે અને ડૉક્ટર તેમને માર્ગદર્શન આપે છે. ૧૧૦૦નંબરની ફોન હેલ્પલાઈન રાજ્ય સરકાર દ્વારા ખાસ કરીને ડિપ્રેશનનો ભોગ બનેલા વ્યકિતઓ ઉપરાંત આઈસોલેશન કે હૉમ ક્વોરૅન્ટીનમાં રહેલા લોકો માટે શરૂ કરવામાં આવી છે. જેમાં એમબીબીએસ, એમડી, સાયકિયાટ્રીસ્ટ, ક્લિનિકલ સાયકૉલૉજિસ્ટ, ફિઝિશિયન વગેરે નિષ્ણાંતો ટેલિકાઉન્સિલિંગ અને ટેલિએડવાઈઝ (સલાહ) આપે છે. ૧૦૪નંબર હેલ્પલાઈન પર વ્યકિત પોતાનાં લક્ષણોની વિગતો પૂરી પાડે ત્યારે એમાંથી જરુર જણાય તેવી વ્યક્તિઓને નિરીક્ષણ હેઠળ લઈને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સારવાર પણ પૂરી પાડે છે.


રૂપિયા કમાવાનો નવો માર્ગ...
www.rupiyakamao.com
સભ્યપદ વિનામૂલ્યે
ગુજરાતી ભાષામાં જનરલ નોલેજની ક્વિઝ રમો, સરળ પ્રશ્નોનાં અન્ય કરતા વહેલા જવાબ આપો અને રોજ ઓછામાં ઓછા રૂા. ૧૦૦/- થી લઈને રૂા. ૨૪૦/- કમાવાની તક.
www.rupiyakamao.com


જ્ઞાનવૃદ્ધિ જો તમને આ સામયિક ન મળે અથવા ચૂકી જાવ તો તેને અમારી વેબસાઈટ પરથી પણ જોઈ શકાશે. www.gyanvrudhi.info


રેફર કરો, રૂપિયા કમાઓ...
www.rupiyakamao.com
સભ્યપદ વિનામૂલ્યે



GYAN VRUDHI, DATE : 21-MAY-2020, THURSDAY, YEAR : 4, VOLUME : 1, ISSUE : 124, TOTAL PAGES : 4.
OWNER, PRINTER, PUBLISHER & EDITOR : HEMANT Y. JOSHI, PRINTED AT ANUGRAH COMPUTERS & PRINTERS, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR. PUBLISHED AT : 3519, AMBAJIMATANO PACHHAL NO VISTAR, NANI BHAGOL, AT & PO : PRANTIJ, TALUKA : PRANTIJ, 383205. DIST : SABARKANTHA. GUJARAT.